પરદેશ પાર્સલસેવા
www.chipsairexp.com
CHIPS
Express
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૫૫ | ૧૩ ઓગસ્ટ, ૨૦૧૮, સોમવાર; શ્રાવણ સુદ - ૨/૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

પ્રભાતના પગરવ...

આત્મન્‌ની અવિરત સેવાને સલામ

ગાંધીનગરમાં અનેક સેવાભાવિ સંસ્થાઓ કાર્યરત છે. વ્યક્તિગત રીતે ઘણી ઉમદા સેવા કરનારા પણ આ નગર-જિલ્લામાં છે. નિસ્વાર્થ-નિષ્કામ ભાવે થતી સેવાપ્રવૃત્તિઓ પ્રેરણાદાયી બની રહે છે. આજે વાત કરવી છે એવી જ એક સંસ્થાની.

નામથી સંસ્થા છે, કોઈ કર્મચારી-ઓફિસ નથી. બધું અનૌપચારિક રીતે ચાલે. બાવીસ વર્ષ પહેલાં આખા દિવસની-એવા ૩ દિવસની બાળ શિબિરનું આયોજન કરવામાં આવેલું. દર રવિવારે સેક્ટર-૧ ૩ની શ્રમજીવી વસાહતનાં બાળકો સાથે બે-ત્રણ કલાકની ગોઠડી જામે. થોડું ભણાવાય, રમાડાય, વાર્તા-ગીતો, કદી બાળકોને નાસ્તો, દિવાળીમાં નવાં કપડાં, ઉનાળામાં સ્લીપર, શિયાળામાં સ્વેટરનું વિતરણ - આ એક સહજ ક્રમ હતો. પછી તો વિવિધ શ્રમજીવી વિસ્તારો-અંતરિયાળ ગામો સુધી પણ સંસ્થા સ્નેહનું ભાથું લઈ પહોંચે. આજથી થોડાં વર્ષો પહેલાં અછતની પરિસ્થિતિ... વિકટ સમય... અખબારોમાં તસ્વીરો આવે - જોઈ હચમચી જવાય. ત્યારે સંસ્થાના સંવેદનશીલ વ્યક્તિઓએ અછતરાહત કામના શ્રમિકોને સ્થળ પર જઈ સામગ્રી પહોંચાડી હતી. વાત તો હતી હોંકારાની, સમસંવેદનની.

ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળાનાં બાળકો વચ્ચે અચૂક જવાનું. નાના-મોટા કાર્યક્રમો દ્વારા એમને પ્રોત્સાહિત કરવાનાં. એમને પ્રસંગોપાત શૈક્ષણિક સામગ્રી, નાસ્તો વગેરે વિતરિત કરી એમના જીવનમાં રસ લેવાનો. એમના માટે સ્પર્ધા કરી ઈનામ આપવાનાં. એ બાળકો માટે પ્રવાસ પણ યોજેલા.

આવા તકવંચિતો માટે સંસ્થાએ મેડિકલ કેમ્પ પણ યોજ્યા છે. ફૂલ ફોરમના ટહુકા, મારી મા, નાની આંખો - ભીનાં હૈયાં, સાસુ મારી મા - વહુ મારી દીકરી, આત્મન્ અભિવ્યક્તિ બાળ શિબિર, બાળમેળો, બાળ વાર્તાલેખન સ્પર્ધા - આ યાદગાર કાર્યક્રમો બની રહ્યા. પ્રસિદ્ધિ માટે જ કામ ન કરવાં - એ દિશામાં જાગૃત રહી, મિત્રો-સ્વજનો-વડીલોની મદદથી સંસ્થા નાની-મોટી પ્રવૃત્તિઓ કરી રહી છે. ગયા વર્ષે સતત અઠવાડિયું વરસાદ રહેલો ગાંધીનગરમાં, ત્યારે સંસ્થાના સભ્યો સતત પાંચ દિવસ સવાર-સાંજ ગરમ નાસ્તા-ભોજન સાથે છાપરાં વિસ્તારમાં પહોંચી ગયા હતા.

આ સંસ્થા એટલે બીજી કોઈ નહી, પણ આત્મન્ ફાઉન્ડેશન. જ્યાં માત્ર ને માત્ર તકવંચિતોની સેવા અને બાળકોની આંતરિક શક્તિ બહાર લાવવાના એકમાત્ર ધ્યેય છે. પૂર્વ સનદી અધિકારી એચ.સી. વરીયા અને જાણીતા મહિલા સર્જક પ્રજ્ઞાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યરત સેવા સંસ્થાના સૌ પદાધિકારીઓ અને કાર્યકરોને પ્રભાતના પગરવમાં અવિરત સેવા માટે સલામ છે...

જનધન ખાતા ધારકો માટે સ્વાતંત્ર્યદિનની ભેટ

સ્વાતંત્ર્ય દિને ૩૨ કરોડ ખાતા ધારકોને મોટી રાહતની જાહેરાત થવાની સંભાવના : ઓવરડ્રાફ્ટની સુવિધા ૫૦૦૦ રૂપિયાથી વધારીને દસ હજાર રૂપિયા કરાશે

નવી દિલ્હી, તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫મી ઓગસ્ટના દિવસે સ્વતંત્રતા દિવસે ઐતિહાસિક લાલકિલ્લા પરથી સંબોધન કરવા જઈ રહ્યા છે ત્યારે મોદી આ વખતે ફાઈનાન્સિયલ ઈન્ક્લુશનના મુદ્દા ઉપર વાત કરે તેવી શક્યતા છે. જનધન ખાતા ધારકો માટે મોટી જાહેરાતો કરવામાં આવી શકે છે. આ ઉપરાંત અન્ય કેટલીક સુવિધાઓની જાહેરાત પણ થઈ શકે છે. ૩૨ કરોડથી વધુ જનધન ખાતા ધારકોના સંદર્ભમાં કોઈ મહત્વપૂર્ણ જાહેરાતો થઈ શકે છે. સરકારની ફાઈનાન્સિયલ ઈન્ક્લુશન ઝુંબેશને પ્રોત્સાહન આપવા કોઈ નવી જાહેરાત થઈ શકે છે. પ્રધાનમંત્રી જનધન યોજના ખાતા ધારકો માટે ઓવરડ્રાફ્ટની સુવિધા બે ગણી કરીને ૧૦૦૦૦ રૂપિયા કરવામાં આવી શકે છે. હાલમાં આ સુવિધા ૫૦૦૦ રૂપિયા સુધીની છે. હાલમાં ખાતાઓ છ મહિના યોગ્યરીતે ચાલ્યા બાદ ૫૦૦૦ રૂપિયા સુધીની ઓવરડ્રાફ્ટની સુવિધા

● અનુસંધાન પાન-૭ પર

કેરળમાં હજુ સ્થિતિ વિકટ

ભારે વરસાદના પરિણામ સ્વરુપે બચાવ-રાહત કામગીરીને અસર : અસરગ્રસ્તો માટે સહાયની જાહેરાત : ૬૦૦૦૦થી પણ વધુ લોકો રાહત કેમ્પમાં : રાજનાથ દ્વારા બે જિલ્લાઓમાં હવાઈ નિરીક્ષણ

કોચી,તા. ૧૨

કેરળમાં અતિભારે વરસાદના પરિણામ સ્વરુપે હાલત કફોડી બનેલી છે. જળતાંડવની સ્થિતિ વચ્ચે લાખો લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે પરંતુ આજે ફરી એકવાર જોરદાર વરસાદના પરિણામ સ્વરુપે રાહત કામગીરી ઉપર અસર થઈ હતી. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે પુરપ્રભાવિત બે જિલ્લાનું હવાઈ નિરીક્ષણ કર્યા બાદ કબૂલાત કરી હતી કે, સ્થિતિ ખુબ જ વિકટ બનેલી છે પરંતુ તમામ પ્રકારની મદદ રાજ્ય સરકારને કરવા માટે કેન્દ્ર સરકાર તૈયાર છે.

મહાગઠબંધનથી ગભરાવાની જરૂર નથી : અમિત શાહ

મેરઠ,તા.૧૨

૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓમાં સીટોની દ્રષ્ટિથી દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશમાં ભાજપ કાર્યસમિતિના મંથનનો આજે બીજો અને છેલ્લો દિવસ છે. બેઠકમાં પહોંચેલા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ એ પાર્ટી નેતાઓને ૨૦૧૪થી એક સીટ વધુ જીતવાનો સંકલ્પ અપાવ્યો.મીટિંગમાં અમિત શાહે રાજ્યના પાર્ટી નેતાઓને કહ્યું કે મહાગઠબંધનથી ગભરાવાની જરૂર નથી. શાહ એ તેમણે કહ્યું કે તમે મોદી અને યોગી સરકારની યોજનાઓને પ્રજાની વચ્ચે લઈને જાઓ.

સૂર્ય નજીક પહોંચનાર યાન રવાના

વોશિંગ્ટન, તા. ૧૨

અમેરિકાની અંતરિક્ષ સંસ્થા નાસાએ સૂર્ય પર પોતાના પ્રથમ મિશન પાર્કરસોલાર પ્રોબને રવાના કરી દીધું છે. સૂર્યની નજીક યાન

સૂર્યના નજીકના વાતાવરણને સમજવાના પ્રયાસ : સૂર્યના તાપને ઝીલી શકે તે માટે શક્તિશાળી હોટ શિલ્ડ

મોકલવાની આ સિદ્ધિ મેળવવામાં આવી છે. આ મિશન દરમિયાન કેટલીક ખાસ બાબતો ઉપર ધ્યાન આપવામાં આવનાર છે. એક વાહનના કદમાં રહેલા આ અંતરિક્ષ યાનને સૂર્યની સપાટીથી સૌથી નજીક એટલે કે ૪૦ લાખ માઈલના અંતરથી પસાર કરવામાં આવશે. આ પહેલા કોઈપણ અંતરિક્ષ યાનને આટલા તાપ અને આટલી રોશનીનો સામનો કર્યો નથી. પાર્કર સોલાર પ્રોબ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

આજે ભવ્ય શુભારંભ
મૉ ફ્લોરીસ્ટ
ધ બુકે શોપ
દિનેશ માળી ૯૭૨૪૪૩૮૨૭૩
ચિનેશ માળી ૯૦૯૯૨૪૫૧૮૮
● દરેક પ્રકારના બુકે તથા લગ્ન પ્રસંગે ડેકોરેશન માટે મળો.
● લગ્ન પ્રસંગના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
● સેક્ટર-૧ થી સેક્ટર-૩૦માં મોટા ઓર્ડર ઉપર ફ્રી હોમ ડીલીવરીની સગવડતા
શોપ નં. ૧૧૩, હરિ ગોલ્ડ, નાગરાજ પાર્ટી પ્લોટની બાજુમાં, કુડાસણ, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે
ફોન કરો
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. રમેશચંદ્ર અંબેલાલ દેસાઈ
સ્વ. તા. ૧૩/૮/૨૦૧૭

તમારુ અચાનક છેતરી અમોને વિલાપ કરતા છોડી કૈલાસધામ પ્રયાણ કરવું અમારા સૌ માટે આઘાતજનક છે. તમારો સરળ સ્વભાવ, નિખાલસતા, હૂંફ, સ્નેહ, લાગણી, ઉદારતા ક્યારેય વિસરી શકાય તેમ નથી. તમે સદેહે અમારી વચ્ચે નથી છતાં તમારી હાજરી અમને સતત લાગ્યા કરે છે. તમારી હયાતિ અમારું આત્મબળ હતું. તમારી ખોટ પૂરાય તેમ નથી. તમે જ્યાં હોય ત્યાં સુખેથી રહેજો. અમારા હૃદયે જીવનભર રહેજો.

પરમ પરમેશ્વર તમને સુખ, શાંતિ આપે એવી પ્રાર્થના સાથે...

સરોજબેન રમેશચંદ્ર દેસાઈ
હર્ષેશ રમેશચંદ્ર દેસાઈ | હેતલ હર્ષેશ દેસાઈ
ડો. ચિરાયુ રમેશચંદ્ર દેસાઈ | હિના ચિરાયુ દેસાઈ
આરવ ચિરાયુ દેસાઈ | રીયા હર્ષેશ દેસાઈ